જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૩૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૧,૪૨,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૭૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬૪ બિયર ટીન, ૧ કાર અને ૧ આયસર ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૦,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૧/૨૦૨૨**

**ઓઢવઃ** મેહુલકુમાર રમણભાઇ મકવાણા (રહે.આગમનપાર્ક સોસાયટી સરણીયાવાસ પાસે આદીનાથનગર ઓઢવ) એ તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૩૦ થી તા.૦૭/૧૨/૨૦૨૨ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનાં તાળાં ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરના મંદિરમાંથી ચાંદીની મુર્તીઓ, તિજોરીમાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૯,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** જયક્રિષ્ના ઠાકુરપ્રસાદ મિશ્રા (રહે. સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ-૩ હરીઓમ સ્કુલ પાસે મણીનગર પુર્વ) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૪/૧૨/૨૦૨૨ કલાક ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જી.આઇ.ડી.સી.વટવા ફેઝ-૪ શકરીબા એસ્ટેટ ડી-૧૫ કોમેક ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કોપરનુ ગીયર કિમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા કોપરના નાના-મોટા બુસ નંગ-૫ કિમત રૂપિયા ૮૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેદ્રસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

**શાહીબાગઃ** ભાર્ગવ સ/ઓ ચિમનલાલ માથુર (રહે. ધાબરનગર સોસાયટી યુ.એન.મહેતા હોસ્પિટલ સામે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની ઓસરીની લોખંડની ઝાળીની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**રામોલઃ** અજયસિહ અરવિદસિહ ડોડિયા (રહે. આશાપુરા ફ્રોર્મ ગુલાબપુરા ગામ વાઠવાડી મહેમદાવાદ જી.ખેડા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૧૪/૧૨/૨૦૨૨ કલાક ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમદાવાદ વસ્ત્રાલ ગામ ખોડીયાર માતાના મંદિર નજીક દરબારવાસ ખાતે પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૨/૨૦૨૨</u>**

**વાસણાઃ** રશ્મીકાબહેન વા/ઓ રામચંદ્ર સાતપુતે (ઉ.વ.૭૨) (રહે. શિવસાગર સોસાયટી વિભાગ-૨ જીવરાજ પાર્ક) તા.૦૩/૧૨/૨૦૨૨ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે જીવરાજ બ્રીજથી શટલ ઓટો રીક્ષામા બેસી નારોલ જતા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારીથી રશ્મીકાબહેનની નજર ચુકવી થેલામાંથી પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૨,૭૦,૦૦૦/- હતી. આ અંગેની ફરીયાદ રશ્મીકાબહેન સાતપુતે એ તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૩/૨૦૨૨</u>**

**ઓઢવઃ** બિશનસિંગ રામસહાની કુશવાહ (ઉ.વ.૫૩) (રહે.ગણેશકુંજ સોસાયટી વિરાટનગર કેનાલ પાસે અંબિકાનગર રોડ ઓઢવ) તા.૧૪/૧૨/૨૦૨૨ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર કેનાલ ગણેશકુંજ સોસાયટીના કોમન પ્લોટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બિશનસિંગ કુશવાહના ગળામાંથી સોનીની ચેઇન કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બિશનસિંગ કુશવાહ એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૪/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** નાનજીભાઈ બજાભાઈ મકવાણા (ઉ.વ.૩૫) (રહે. રાધેશ્યામ સોસાયટી મહાવીર સ્કુલ સામે દાણીલીમડા) એ બિમારીથી કંતાળી તા.૧૪/૧૨/૨૨ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા રામરહીમ ટેકરા પાછળ વોક-વે ઘાટ નંબર-૧૫ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી